# શહેરની સ્કૂલવાનમાં બાળકો ઘેટા-બકરાંની જેમ ભરાય છે

**કુમળા ફૂલ જેવા બાળકોને ઘેંટા-બકરાંની જેમ સ્કૂલવાનમાં ભરવામાં આવે છે : સરકારે આ બાબતે કડક નિયમો બનાવવા જ જોઇએ**



ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગરમાં સ્કૂલવાન અને રીક્ષા ચાલકોનો ધંધો ધમધોકાર ચાલી રહ્યો છે. એક સાથે બાળકોને ઘેટાં-બકરાંની માફક ભરીને આ સ્કૂલવાન અને રીક્ષાચાલકોનો વ્યવસાય હાલમાં તેજીમાં છે. પરંતુ શું આ યોગ્ય બાબત છે ? સામાન્ય રીક્ષા અને વાનચાલકો જે ગાંધીનગરમાં પોતાનો વ્યવસાય ચલાવે છે તેઓ પણ માંડ ૫ થી ૬ જેટલા ગ્રાહક બેસાડે છે આમ તો ૪ જ જોવા મળે છે. રીક્ષાઓમાં ત્યારે શાળાએ જતા બાળકો પર આટલો જુલમ કેમ ?

કોરોના કાળ દરમિયાન સરકારની ગાઈડલાઈન મુજબ ઓછી સંખ્યા ભરવાની હોવાથી તે સમયમાં વાન વાળાઓ પોતાની મજબુરીથી ઓછા વિદ્યાર્થીઓ ભરતા હતા જેમાં કેટલાક વાનવાળા સરકારની ગાઈ ડલાઈનનું ઉલ્લંઘન પણ કરતા જોવા મળ્યા હતા. જ્યારે હાલમાં સ્કૂલો ખૂલતા વિદ્યાર્થીઓને રિક્ષાઓ અને વાનમાં ઘેટાં-બકરાંની માફક ભરવામાં આવી રહ્યા છે. આમ તો દરેક મા-બાપ પોતાના બાળકોને રીક્ષા અથવા વાનમાં સ્કૂલે મોકલતા હોય છે પરંતુ તમારૂ બાળક કેટલુ સલામત હોય છે તે કદી નથી વિચારતા ત્યારે સ્કૂલવાન ચાલકો નિયમોની ઐસી તૈસી કરી બાળકોને ઘેટાં-બકરાંની જેમ વાનમાં ભરે છે. તેનો પૂરાવો વહેલી સવારે શાળાઓની બહાર જોવા મળે છે. કોઈ દુર્ઘટના બને ત્યારે જ તંત્ર અને વાલી સતર્ક થાય છે. શહેરમાં ૭૦ થી ૭૫ હજાર બાળકો સ્કૂલમાં ભણે છે. જેમાંથી ૫૦ હજાર જેટલા બાળકો સ્કૂલવાનમાં જાય છે. તો અન્ય બાળકોને પોતાના વાલી મૂકવા અને લેવા માટે જાય છે. સ્કૂલવાન વાળાઓની આ પ્રકારની દાદાગીરી ન ચલાવી લેવાય. સરકારીતંત્ર દ્વારા બાળકોના હીતમાં ચોક્કસપણે નિર્ણય અને યોગ્ય નિયમો લાગુ કરવા જોઈએ. બાળકોને જ શા માટે ઘેટાં-બકરાંની જેમ બેસાડવા પડે છે. માત્ર પોતાના વ્યવસાયને અનુલક્ષીને સ્વાર્થી બનેલા ધંધાર્થીઓ આ રીતે બાળકોને વાનમાં ભરતા લાજ-સરમ નેવે મુકીને પોતાનો વ્યવસ્યા ચલાવી રહ્યા છે. જેમાં સરકારે હવે કડક નિયમો બનાવવા જ જોઈએ. વાનની ઉપર મુકેલા સ્કૂલબેગને જોતા જ જાણ થઈ જાય છે કે વાનમાં કેટલા બધા બાળકોને ભરવામાં આવે છે. શહેરમાં સેક્ટરે સેક્ટરે ફરતી વાન એક બાદ એક બાળકને ઘરે મુકવા અને લેવા જાય જેમાં બાળકોને ૩૦ થી ૩૫ મિનિટ આ રીતે ગીચોગીચ બેસી રહેવાનો વારો આવે છે. આ દ્રશ્યો શહેરના દરેક નાગરિક સામે જ છે તેમ છતાં કોઈ અવાજ ઉઠાવતુ નથી. આટલી બધી બેદરકારી શા માટે ? કોઈ શિક્ષક, વાલી, જાગૃત નાગરિકોને આ દ્રશ્યો સામે પ્રશ્નો કેમ નથી ઉઠતા ?

## ભાગ્યેશ જહાના 'પ્રાર્થનાને પત્રો' પુસ્તકનું વિમોચન : ડૉ. સુધીર પરીખનું સન્માન કરાયું



ગાંધીનગર, તા. ૨૫

પૂર્વ સનદી અધિકારી અને જાણીતા સાહિત્યકાર ભાગ્યેશ જહાના પુસ્તક 'પ્રાર્થનાને પત્રો'નું વિમોચન તાજેતરમાં કરવામાં આવ્યું હતું.

ગ્લોબલ ગુજરાત ફોરમ ચેપ્ટર, યુએસએ ગુજરાત ફ્રેન્ડસ અમદાવાદ દ્વારા તાજેતરમાં સાહિત્યનો સુંદર કાર્યક્રમ યોજાઈ ગયો. જાણિતા કવિ,લેખક, વક્તા અને પૂર્વ સનદી અધિકારી ભાગ્યેશ જહાના પુસ્તક 'પ્રાર્થનાને પત્રો'નું વિમોચન આ અવસરે કરવામાં આવ્યું હતું. ભાગ્યેશ જહાના પુત્રી પ્રાર્થના જહાએ પુસ્તક વિશેની એની લાગણીઓ વ્યક્ત કરી હતી. નવ ગુજરાત સમયના ગ્રુપ એડિટર અજય ઉમટે જણાવ્યું હતુ કે મોબાઈલ અને નેટના સમયમાં પત્રલેખન આજે લગભગ બંધ થઈ ગયુ છે ત્યારે ભાગ્યેશ જહાએ તેમની અમેરિકા રહેતી પુત્રીને વિવિધ વિષય પર નિયમિત પત્રો લખીને ખરેખર સાહિત્યની સેવા કરી છે. ભાગ્યેશ જહાએ તેમના આ પુસ્તક અને પત્રોની વાત કરી હતી. ગુજરાતી ભાષાના સંવર્ધન માટે હવે વિવિધ વિષયો સાથે પ્રાર્થનાને પત્રો પુસ્તકની સિરિઝ થશે તેવો નિર્ધાર વ્યક્ત કર્યો હતો. આ પુસ્તક ઝેડ કેડ પબ્લિકેશન દ્વારા તૈયાર થયુ છે.

ગુજરાત ટાઈમ્સના પ્રકાશક પદ્મશ્રી સુધીર પરીખનું આ અવસરે સન્માન કરાયું હતું. વરિષ્ઠ સાહિત્યકારો રજનીકુમાર પંડ્યા, ડૉ. બળવંત જાની, ડૉ. કેશુભાઈ દેસાઈ, વરિષ્ઠ પત્રકાર દેવેન્દ્ર પટેલ અને અન્ય સાહિત્યકારો ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું આયોજન દિગંત સોમપુરા અને સંચાલન રશ્મિ મુનશી દ્વારા કરાયું હતું.

## પ્રવેશોત્સવના ત્રીજા અને અંતિમ દિવસે ૫૧ કુમાર તથા ૫૩ કન્યાઓ સહિત ૧૦૪ વિદ્યાર્થીઓને પ્રવેશ

ગાંધીનગર, તા. ૨૫

રાજ્યભરમાં ચાલી રહેલા ૧૭માં કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમના ત્રીજા અને અંતિમ દિવસે સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રી પ્રદીપભાઈ પરમારે દહેગામ તાલુકાના ગામોમાં શાળા પ્રવેશોત્સવ દરમિયાન જણાવ્યું હતું કે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી દ્વારા ૧૭ વર્ષ પહેલા શરૂ કરવામાં આવેલ આ કાર્યક્રમ આજે સફળ સાબિત થયો છે. આજે ગુજરાતે શાળાના નામાંકનમાં ૧૦૦ ટકા સફળતા મેળવી છે અને ડ્રોપઆઉટ રેશિયો ૩૭ ટકાથી ઘટીને માત્ર ૩ ટકા જ રહ્યો છે, જે વડાપ્રધાનની દૂરંદેશીનું જ પરિણામ છે. ગુજરાતની ૩૨,૦૦૦ કરતાં વધુ સરકારી શાળાઓ અને સાડા ચાર લાખથી વધુ શિક્ષકો આજે સુશિક્ષિત ભારતના નિર્માણમાં અથાક પ્રયત્નો કરી રહ્યાં છે. મંત્રી પ્રદીપભાઈ પરમારે દહેગામ તાલુકાના વિવિધ ગામોની પ્રાથમિક શાળાઓમાં મળીને કુલ ૧૦૪ વિદ્યાર્થીઓને પ્રવેશ અપાવ્યો હતો. જેમાં અંતોલી ગામના ૨૯, મેઘરજના મુવાડાના ૧૪, ખાપરેશ્વરના ૧૩, નંદાજીની મુવાડીના ૪, લહેરીપુરાના ૯ અને પીંપલજના ૩૫ વિદ્યાર્થીઓનો સમાવેશ થાય છે.

## શહેરમાં વિકાસ કાર્યોને પગલે કરવામાં આવેલું ખોદકામ મુશ્કેલી સર્જી શકે

**રથયાત્રાના રૂટમાં આવતાં સે.૭/૨ પાસે ગટર -પાણી પાઈપ લાઈનના ખોદકામના ખાડા સત્વરે પુરવા સ્થાનિક વસાહતીઓની માંગ**

ગાંધીનગર, તા.૨૫

એક તરફ ચોમાસાનો પ્રારંભ થવા જઈ રહ્યો છે અને બીજી તરફ ગાંધીનગરમાં રથયાત્રાની તડામાર તૈયારીઓ



ચાલી રહી જે શહેરના વિવિધ વિસ્તારમાંથી પસાર થશે, આ સમયે શહેરમાં વિકાસ કાર્યોને પગલે કરવામાં આવેલું ખોદકામ મુશ્કેલી સર્જી શકે છે. શહેરના સે.૭/૨ પાસે કરવામાં આવેલાં ખાડાઓ જલ્દીથી પુરવામાં આવે તેવી સ્થાનિક વસાહતીઓમાં માંગ ઉઠવા પામી રહી છે.

ગાંધીનગર ?શહેરમાં છેલ્લાં કેટલાંક સમયથી વિવિધ વિકાસ કાર્યો અંતર્ગત લગભગ દરેક સેક્ટર વિસ્તારમાં ખોદકામ કરવામાં આવ્યું છે. હાલ ચોમાસાની ઋતુ દરવાજે દસ્તક દઈ રહી છે અને દર વખતે વહીવટીતંત્ર દ્વારા કરાયેલાં ખોદકામ અને તેમાં અપૂરતા માટી પુરાણને કારણે વરસાદમાં જોખમી ભૂવા પડવાની સમસ્યા સર્જાતી હોય છે. આ વર્ષે આ સ્થિતિ ખૂબ વધુ જોખમી બની શકે તેવું લાગી રહ્યું છે કેમકે ખોદકામ કરવામાં શહેરનું લગભગ કોઈ સેક્ટર બાકી નથી રહ્યું. આ સ્થિતિમાં શહેરના માર્ગ નં. ૨ પર સેક્ટર-૭ અને સેક્ટર-૨ વચ્ચેના 'કટ' પાસે કરાયેલાં ખોદકામ કાર્યથી સર્જાયેલાં ખાડા ઝડપથી યોગ્ય માટી પુરાણ સાથે પુરવા બંને સેક્ટરના રહીશોમાં માંગ ઉઠી રહી છે. સેક્ટર નં -૨ વસાહત મંડળના પ્રમુખ રાજેન્દ્ર પારેખે જણાવ્યું હતું કે "સે.૭/૨ પાસેના ખાડાં સત્વરે પુરવા જરૂરી છે કેમકે જુજ દિવસોમાં આગામી અષાઢી બીજે શહેરમાં રથયાત્રા યોજાશે જેનો રૂટ આ માર્ગેથી પસાર થાય છે તે દરમ્યાન એકઠાં થયેલાં દર્શનાર્થીઓ જેમાં બાળકો અને વડીલો પણ હોય છે તેમના સહિત તમામ માટે આ ખાડાં જોખમી સાબિત થઈ શકે તેમ છે. વળી, શહવરમાં ચોતરફ ખોદકામને પગલે નાગરિકોની હાડમારીઓ વધી રહી છે, ફુટપાથ પર ચાલતા રાહદારીઓને ચાલવામાં તેમજ બાકડાંઓ પર બેસતા સીનીયર સિટીઝનને બેસવાની મુશ્કેલીઓ પડી રહી છે. આ શુક્રવારે આ રોડ પરથી રથયાત્રા પસાર થવાની છે ત્યારે દર્શનાર્થીઓને હાલાકી ભોગવવી ના પડે તે માટે સત્તાધીશો સત્વરે યોગ્ય કાર્યવાહી કરાવે તેવી વસહતીઓની લાગણી અને માંગણી છે."

## રાજ્યપાલશ્રીના હસ્તે એડીસી દીપક મેઘાણીના પુસ્તક 'પર્ણકિનારી'નું વિમોચન



ગાંધીનગર, તા. ૨૫

ગુજરાતના રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતે રાજભવન ખાતે રાજ્યપાલશ્રીના એડીસી દીપક મેઘાણી (આઈ.પી.એસ.)ના પુસ્તક 'પર્ણકિનારી'નું વિમોચન કર્યું હતું.

આ પ્રસંગે રાજ્યપાલશ્રીએ એડીસી દીપક મેઘાણીને તેમના પુસ્તકના વિમોચન પ્રસંગે હાર્દિક શુભકામનાઓ પાઠવી તેમની લેખનયાત્રા અવિરત ચાલુ રાખવા પ્રેરિત કર્યા હતા.

અત્રે ઉલ્લેખનીય છે કે ઈન્ડિયન પોલીસ સર્વિસની ગુજરાત કેડરમાં પોલીસ અધિક્ષક સંવર્ગમાં ફરજ બજાવતા દીપક મેઘાણી હાલ રાજ્યપાલશ્રીના એડીસી તરીકે કાર્યરત છે.

વાંચન અને લેખનમાં વિશેષ રુચિ ધરાવતા મેઘાણીએ વિચાર મંથનના નવનીત સ્વરૂપે જે અનુભવ્યું તેને શબ્દદેહ આપીને વિચારસંગ્રહ સ્વરૂપે 'પર્ણકિનારી' પુસ્તક લખ્યું છે.

આ અગાઉ તેમનો કાવ્યસંગ્રહ 'તિતિક્ષા' પણ પ્રગટ થઈ ચૂક્યો છે. વ્યસ્ત જીવનમાં પણ વિચારકણિકાઓને વ્યક્ત કરવાનો તેમણે આ 'પર્ણકિનારી' પુસ્તક દ્વારા પ્રયાસ કર્યો છે.

# શું આ રીતે બનાવશો ગાંધીનગરને ફરી ગ્રીનેસ્ટ કેપિટલ?

**સે.૧૪માં પ્રકૃતિ પ્રેમીઓમાં જતનથી ઉછેરી રહેલા વૃક્ષોને નુકશાન થાય તે રીતે ખડકવામાં આવેલા પાઇપોના ખડકલાથી રોષ : સત્તાધીશો વૃક્ષોના દુશ્મન હોય તેવી છાપ વારંવાર ઉપસી રહી છે : જવાબદાર તત્વો સામે પગલાં લેવાય તે જરૂરી**

ગાંધીનગર, તા. ૨૫

છેલ્લા કેટલાક સમયથી ગાંધીનગરમાં સત્તાધીશો દ્વારા વિકાસ કાર્યોના ઓથે વૃક્ષોના નિકંદનને પ્રવૃત્તિને ઉત્તેજન અપાતું હોય તે પરિસ્થિતિ શહેરના પ્રકૃતિપ્રેમી નાગરિકો અનુભવી રહ્યાં છે.

ગાંધીનગરની ફરી હરિયાળું શહેર બનાવવાની મોટી મોટી વાતો કરતાં સત્તાધીશો બદલાયા છે પરંતુ હાલમાં પણ નવા વૃક્ષોને વાવીને જતનથી ઉછેરવાની વાત તો દૂર પરંતુ શહેરમાં જે વૃક્ષો હયાત છે તેની પણ યોગ્ય તકેદારી લેવામાં આવતી નથી, એટલું જ નહીં પરંતુ શહેરના પ્રકૃતિ પ્રેમીઓ દ્વારા ઉછેરવામાં આવેલા વૃક્ષોને પણ તંત્ર સાચવી શકતું નથી. શહેરના સેક્ટર-૧૪માં પ્રકૃતિ પ્રેમીઓ દ્વારા વાવવામાં આવેલા ને ઉતરવામાં



આવી રહેલાં વૃક્ષોને નુકશાન થાય તે રીતે કરવામાં આવેલા પાઈપોના ખડકલાથી પ્રકૃતિ પ્રેમીઓમાં ભારે રોષની લાગણી વ્યાપી છે તમે આ પ્રકૃતિપ્રેમીઓ પૂછી રહ્યા છે કે શું આ રીતે શહેરને ફરી બનાવશો ગ્રીનેસ્ટ કેપિટલ?

તાજેતરમાં શહેરમાં મોટા પાયે વૃક્ષારોપણ કરી શહેરને ફરી 'ગ્રીનેસ્ટ કેપીટલ' બનવા તરફ આયોજન કરતો રોડમેપ તૈયાર કરવામાં આવ્યો છે, જોકે બીજી તરફ શહેરમાં જે વૃક્ષો પ્રકૃતિ પ્રેમીઓની મહેનત અને લગનથી જીતી ગયા છે તેને જાળવવા બાબતે તંત્ર દ્વારા ઘોર બેદરકારી સેવાઈ રહી છે. શહેરના સેક્ટર-૧૪માં નવરાત્રી ચોક ખાતે મોટી પાઈપોનો ખડકલો કરવામાં આવ્યો છે અને આ ખડકલો કરતી વખતે નજીકમાં સેક્ટરના પ્રકૃતિપ્રેમી નાગરિક જિગ્નેશ પરીખ સહિત અન્યો દ્વારા વાવીને જતનપૂર્વક ઉછેરવામાં આવી રહેલાં વૃક્ષોના ટ્રી-ગાર્ડને નુકસાન થાય તે રીતે પાઈપો ખડકી દેવાઈ છે. આઝાદીના અમૃત મહોત્સવ અંતર્ગત વડાપ્રધાન પ્રેરિત દેશભરમાં અનેક સ્થળે પ્રાણવાયું આપવામાં ઉપયોગી એવાં ૭૫ વડ વાવવાનું અભિયાન ચલાવાઈ રહ્યું છે.

પરંતુ બીજી તરફ સે.૧૪માં સ્થાનિક પ્રકૃતિ પ્રેમી જિગ્નેશ પરીખ દ્વારા છેલ્લાં આઠેક વર્ષથી જતનપૂર્વક ઉછેરવામાં આવેલાં વડને નુકસાન થાય તે રીતે કરાયેલો પાઈપોના ખડકલાંથી શહેરના પ્રકૃતિ પ્રેમીઓમાં ભારે રોષની લાગણી વ્યાપી છે. પાઈપોને કુમળા વડનું થડ વળીને તુટી જાય તે રીતે ખડકવામાં આવી છે. આ કાર્ય માટે જવાબદાર તત્વો સામે પગલાં લેવાય તે જરૂરી બન્યું છે કેમકે છેલ્લાં કેટલાંક સમયથી શહેરમાં સત્તાધીશો ભલે પર્યાવરણના જતનની મોટી મોટી વાતો કરતાં હોય પરંતુ કાર્યો જાણે પ્રકૃતિના દુશ્મન હોય તેવાં કરે છે તેવી છાપ પ્રકૃતિપ્રેમીઓમાં ઉપસી રહી છે.